RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 195* Date: 13.05.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૨૦૧૭ની ધોળકા વિધાનસભા ચૂંટણીમાં પોસ્ટલ મત વિવાદઃ કોંગ્રેસની અરજી પર હાઈકોર્ટનો ચુકાદો

# શિક્ષણમંત્રી ચુડાસ્માને ઝટકોઃ ધોળકા બેઠકની ચૂંટણી રદ



*ગાંધીનગર,તા.૧૨*

ગુજરાતના રાજકારણમાં દૂરોગામી રાજકિય અસરો સર્જનાર હાઈકોર્ટના એક ચુકાદામાં સત્તાપક્ષ ભાજપને અને ખાસ કરીને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની રાજકિય કારકીર્દીને અને વ્યક્તિગત અસર કરે તેમ તેમની ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ધોળકા બેઠકનું પરિણામ અને સમગ્ર ચૂંટણીને ગેરકાયદે જાહેર કરવામાં આવતા પક્ષ અને સરકારમાં ખળભળાટ મચી ગયો હતો. અને કેન્દ્રીય મોવડીમંડળનું માર્ગદર્શન માંગવામાં આવ્યું હતું. શિક્ષણમંત્રી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકારે તેમ છે. જો કે ભાજપ સરકારના કોઈ મંત્રીનું ચૂંટણી પરિણામ રદ થયું હોય અને હાઈકોર્ટના મતે તેઓ ગેરકાયદે જીત્યા હતા એમ જાહેર કરવામાં આવે તેવું કદાજ પહેલીવાર બન્યું છે. ધોળકા બેઠકના પરિણામને પડકારનાર કોંગ્રેસના ઉમેદવારની તરફેણમાં ચુકાદો આવતાં કોંગ્રેસ છાવણીમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું.. કોંગ્રેસના નેતાઓએ ટ્વીટ કરીને સત્યમેવ જયતે લખીને ભાજપ પર આકરા પ્રહારો પણ કર્યા હતા. કોરોના લોકડાઉનને કારણે હાઈકોર્ટે વિડિયો કોન્ફરન્સથી ચુકાદો જાહેર કર્યો હતો. ચુકાદાના પગલે ચુડાસમા મંત્રીપદે રહી શકે નહીં. અને તેમણે તમામ સરકારી પદ ખાલી કરવા પડે.આ સમગ્ર કેસની વિગતોમાં, ગુજરાત વિધાનસભાની ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ધોળકા બેઠક પરથી માત્ર ૩૨૭ મતોની પાતળી સરસાઈથી જીત્યા હતા. આ મત ગણતરીમાં બેલેટ પેપરની ગણતરી કરવામાં ના આવતા સમગ્ર વિવાદ સર્જાયો હતો. . આ મામલે કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડે ફરિયાદ કરી હતી કે બેલેટ પેપરના ૪૨૯ જેટલા મત તેમના તરફી હતા પરંતુ ફરજ પરના ચૂંટણી અધિકારી અને અન્ય સત્તાવાળાઓ દ્વારા તેને ધ્યાને લેવામાં આવ્યા ન હતા. અને ચુડાસમાંને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતા.

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમાની જીતને કોંગ્રેસના ઉમેદવાર દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. બે-અઢી વર્ષની લંબાણ સુનાવણી બાદ ગુજરાત હાઈકોર્ટે આજે વીડિયો કોન્ફરન્સિંગથી ચૂદાકો આપ્યો હતો. ચુકાદો ભુપેન્દ્રસિંહ ચુડાસમાની વિરૂધ્ધમાં આવ્યો હતો અને કોંગ્રેસના ઉમેદવારની તરફેણમાં ચુકાદો આવ્યો હતો. આમ ધોળકા બેઠકની ચૂંટણી રદ કરવામાં આવી છે. . મતની ગણતરીને લઈ કોર્ટે અવલોકન કર્યું હતું. જેમાં કોર્ટે જણાવ્યું હતું કે, ૪૨૯ પોસ્ટલ મત ગેરકાયદે રીતે બાકાત રખાયા હતા.

અશ્વિન રાઠોડે એવો આક્ષેપ કર્યો છે કે, મતગણતરી વખતે ગણતરીમાં બેલેટ પેપરની ગણતરીમાં ગેરરીતિ આચરવામાં આવી છે, આ કારણોસર ચૂંટણી રદ થવી જોઈએ તેમજ પોતાને વિજેતા જાહેર કરાવો જોઈએ એવી માંગણી રાઠોડે કરી હતી. હાઈકોર્ટે ૪૨૯ પોસ્ટલ બેલેટ રદ કરવાનો નિર્ણય ગેરકાયદેસર હોવાનો ચુકાદો આપ્યો છે. પોસ્ટલ બેલેટમાં મળેલા મતમાંથી ૪૨૯ મત રદ થતાં ચુડાસમાને વિજેતા જાહેર કરાયા હતા.

અશ્વિન રાઠોડે એવો આક્ષેપ કર્યો છે કે, મતગણતરી વખતે ગણતરીમાં બેલેટ પેપરની ગણતરીમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ કેસમાં બન્ને પક્ષે સાક્ષીઓની જુબાની લેવામાં આવ્યાં બાદ રિટર્નિગ ઓફિસર ધવલ જાનીની ટ્રાન્સફર કરવા હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો હતો.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આજે ધોળકા વિધાનસભા બેઠક ની ચૂંટણી રદ કરતા ગુજરાત હાઈકોર્ટે આપેલા ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારશે, એમ સરકારના નાયબ સીએમ નીતિન પટેલે જાહેર કરીને જણાવ્યું હતું કે કાયદાકીય અપીલ કરીશું. અભ્યાસ કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે. પ્રદેશ અધ્યક્ષ, મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય નેતાગીરી સાથે ચર્ચા અને માર્ગદર્શન લઈ નક્કી કરવામાં આવશે.

દરમ્યાનમાં, ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ચૂંટણી રદ કરવાના ચૂકાદા બાદ ટ્વિટ કરી હતી. તેમણે ટ્વિટમાં જણાવ્યું હતું કે, ચૂંટણીના #GujaratModelનું પર્દાફાશ થયો. ગુજરાતના કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ૨૦૧૭ની ચૂંટણીની જીત ગેરકાયદેસર જાહેર કરવામાં આવી છે. એક મહત્વપૂર્ણ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે આ નિર્ણય આપ્યો છે.

હાઈકોર્ટનો ચુકાદો જાહેર થયાની ગણતરીની મિનિટોમાં કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે બે ટ્વિટ કરી હતી. જેમાં એકમાં સત્ય મેવ જયતે અને બીજીમાં, ગુજરાતના કાયદાપ્રધાન ખોટી રીતે ચૂંટાયા હતા. ગુજરાત હાઈકોર્ટે ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ચૂંટણી ગેરકાયદેસર જાહેર. ૨૦૧૭માં તેઓએ ગેરકાયદેસર જીત મેળવી હતી. એમ જણાવ્યું હતું.

ભુપેન્દ્રસિંહ ૩૨૭ મતોની પાતળી સરસાઈથી વિધાનસભાની ચુંટણીમાં ધોળકા બેઠક પર જીત મેળવી હતી. તેની સામે અશ્વિન રાઠોડે એવો આક્ષેપ કર્યો છે કે, મતગણતરી વખતે ગણતરીમાં બેલેટ પેપરની ગણતરીમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ કેસમાં બન્ને પક્ષે સાક્ષીઓની જુબાની લેવામાં આવ્યાં બાદ રિટર્નિગ ઓફિસર ધવલ જાનીની ટ્રાન્સફર કરવા હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો હતો.

### દેશમાં કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૭૦ હજારને પાર,મૃત્યુઆંક ૨૨૯૩એ પહોંચ્યો

# ૨૪ કલાકમાં નવા ૩૬૦૦ પોઝિટિવ કેસઃ વધુ ૮૭ લોકોના મોત

*ન્યુ દિલ્હી,તા.૧૨*

દેશમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૩૬૦૦થી વધારે નવા કોરોના વાયરસના કેસ અને ૮૭ લોકો મોતને ભેટ્યા છે. દેશમાં કુલ કોરોના વાયરસના કેસ વધીને ૭૦૭૫૬ સુધી પહોંચી ગયા છે. સોમવારે સવારે ૯ વાગ્યાથી મંગળવાર સવારે ૯ વાગ્યા સુધી દેશમાં કોરોના વાયરસના ૩૬૦૪ નવા કેસ નોંધાયા છે જોકે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોના વાયરસથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા ૧૫૦૦થી વધારે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર અત્યાર સુધીમાં દેશમાં કુલ ૭૦૭૫૬ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથઈ ૨૨૪૫૪ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. પરંતુ ૨૨૯૩ લોકોએ કોરોના વાયરસના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવારે સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૪૬૦૦૮ એક્ટિવ કેસ છે.દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે.

દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર



સુધીમાં કોરોનાના ૨૩૪૦૧ કેસ નોંધાયા છે જેમાંથી ૮૬૮ લોકોએ પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. જોકે, મહારાષ્ટ્રમાં ૪૭૮૬ લોકો સ્વસ્થાય પણ થઈ ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૮૫૪૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૧૩ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ગુજરાત બાદ તમિલનાડૂમાં ૮૦૦૨, દિલ્હીમાં ૭૨૩૩, રાજસ્થાનમાં ૩૯૮૮, મધ્યપ્રદેશમાં ૩૭૮૫ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૩૫૭૩ કેસ સામે આવ્યા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૨.૫૫ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે.

## રાજ્ય માં કોરોના અપડેટ

**ગુજરાત રાજ્યમાં ૨૪ કલાકમાં નવા પોઝિટિવ કેસ ૩૬૨ કુલ કેસનો આંકડો ૮૯૦૪ પહોંચ્યો,**
**અમદાવાદ જિલ્લામાં નવા ૨૬૭ કેસ કુલ કેસનો ૬૩૫૩ આંકડો પહોંચ્યો.**
**રાજ્યમાં કોરોનાથી ૫૩૭ મૃત્યુ થયા.છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૨૪ મૃત્યુ .**
**રાજ્યમાં અત્યાર સુધી ૩૨૪૬ લોકો સ્વસ્થ થયા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૬ લોકો સ્વસ્થ થયા.**
**રાજ્યમાં ૩૦ દર્દી વેન્ટીલેટર પર.બનાસકાંઠામાં કુલ ૮૧ પોઝિટિવ કેસ અને છેલ્લા ૨૪ કલાકમાં ૦૦ નવા કેસ નોંધાયા અને ૦૩ દર્દી મૃત્યુ પામ્યા .**
**આરોગ્ય અગ્રસચિવ આપેલ માહિતી મુજબ.**

# અમેરિકા આકરા પાણીએઃ ટ્રમ્પે ચીન સાથે વ્યાપાર સમજૂતી માટે સ્પષ્ટ ઈન્કાર કર્યો

*બેઈજિંગ/વૉશિંગ્ટન,તા.૧૨*

ચીનથી ફેલાયેલ વૈશ્વિક મહામારી કોરોના વાયરસે આખી દુનિયાને હચમચાવી દીધી છે. કોરોનાની સૌથી વધુ અસર અમેરિકામાં જોવા મળી છે. કોરોના વાયરસના કારણે અમેરિકાની અર્થવ્યવસ્થા પર પણ માઠી અસર થઈ છે. તેથી અમેરિકા અને ચીન વચ્ચે સંબંધો ફરી એકવાર વણસ્યા છે. આ પરિસ્થિતિઓ વચ્ચે એવી માહિતી મળી છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સાથે વ્યાપાર સમજૂતી અંગે ચર્ચા કરવાથી હવે સ્પષ્ટ ઈક્રાર કર્યો છે. એક દિવસ પહેલા અમેરિકાએ બેઈજિંગને વ્યાપાર યુદ્ધ સમાપ્ત કરવા માટે આ વર્ષની શરૂઆતમાં થયેલ સમજૂતીનું સન્માન ન કરવા પર 'ખૂબ જ ગંભીર પરિણામ' ભોગવવાની ચેતવણી આપી હતી.




રિપોર્ટ મુજબ હોંગકોંગના એક મીડિયા રિપોર્ટમાં કહ્યું કે ચીન ફરીથી વેપાર સમજૂતી કરવા અંગે વાતચીત કરવા માંગે છે. ત્યારે ટ્રમ્પને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે,'નાપક્યારે નહીંપઅમુક હદ સુધી પણ નહીં જપમને કોઈ દિલચસ્પી નથી. અમે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. આ અંગે મે પણ સાંભળ્યું છે કે તેઓ તેમના માટે વધુ સારી વેપાર સમજૂતી માટે ટ્રેડ પ્રક્રિયા પર ચર્ચા કરવા માંગે છે.'

રિપોર્ટ પ્રમાણે અમેરિકાના નાણાપ્રધાન સ્ટીવન મ્નુચિને ૪ મેના રોજ ચેતવણી આપી હતી કે જો ચીન વેપાર સમજૂતીનું સન્માન નહીં કરે તો તેણે ગંભીર પરિણામ ભોગવવા પડશે. આ સિવાય ટ્રમ્પે પણ કહ્યું હતું કે ચીને સમજૂતીનું સન્માન નથી કર્યું અને કોરોના વાયરસ મહામારીને જોતા સમજૂતીની જોગવાઈનું પાલન નહીં કર્યું તો તેઓ આને રદ કરી દેશે. આપણે જણાવી દઈએ કે અમેરિકા અને ચીન વચ્ચે જાન્યુઆરીમાં થયેલ આ સમજૂતી હેઠળ બેઈજિંગે ૨૦૨૦-૨૧માં ઓછામાં ઓછા ૨૦૦ અબજ ડોલરથી વધુના અમેરિકી પ્રોડક્ટ અને સર્વિસઝની ખરીદ કરવા સંમતિ દાખવી હતી.

### ભારતે યુદ્ધ વિમાનોને લદ્દાખના સરહદી વિસ્તારમાં ખસેડ્યા

# એલએસી પર તણાવઃ લદ્દાખ બૉર્ડર નજીક ચીનના સૈન્ય હેલિકોપ્ટરે આંટા મારતા વિવાદ

*ન્યુ દિલ્હી,તા.૧૨*

ચીનને લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પર ફરી પોતાની અવળચંડાઈ શરૂ કરી દીધી છે. ભારતીય એરફોર્સે ચીનને પણ વળતો જડબાતોડ જવાબ આપતા લદ્દાખમાં યુદ્ધ વિમાન ખડક્યા છે. તાજેતરમાં જ ભારતીય ક્ષેત્ર નજીક ચીનના સૈન્ય હેલિકોપ્ટર આંટાફેરા મારતા જોવા મળ્યા હતા અને તેઓ ભારતના એરસ્પેસનું ઉલ્લંઘન કરે તેવી આશંકા વ્યક્ત કરાઈ હતી. ટોચના સરકારી સૂત્રોએ જણાવ્યા મુજબ ચીનના હેલિકોપ્ટરના આંટાફેરા વધતા ભારતીય વાયુસેનાએ પણ તેના યુદ્ધ વિમાનોને લદ્દાખના સરહદી વિસ્તારમાં ખસેડ્યા છે. ભારતીય એરફોર્સના યુદ્ધ વિમાને નજીકના બેઝ કેમ્પમાંથી ઉડાન ભરી હતી. જો કે પ્રાપ્ત વિગતો મુજબ ચીનના હેલિકોપ્ટરે અત્યાર સુધી ભારતીય એરસ્પેસનું ઉલ્લંઘન કર્યું નથી.

એકતરફ વિશ્વ કોરોના વાયરસની મહામારી સામે ઝઝૂમી રહ્યું છે તેવા સમયે ચીન પોતાની અવળચંડાઈ દાખવી રહ્યું છે. ચીન ભારત માટે આવા કપરા સમયમાં મુશ્કેલી ઊભી કરી રહ્યું છે. ભારતીય લશ્કર પણ દુશ્મોને જડબાતોડ જવાબ આપવા દરેક પળે તૈયાર છે. આ સપ્તાહે જ ભારતીય સૈનિકો અને ચીનના સૈનિકો વચ્ચે બોર્ડર પર ઝપાઝપી થઈ હતી. સરકારે આપેલી વિગતો મુજબ ગત સપ્તાહે જ ૧૫૦થી વધુ ચીનના સૈનિકોએ બોર્ડરની અંદર ઘૂષણખોરી કરવા પ્રયાસ કર્યો હતો ત્યારે ભારતીય સૈનિકો સાથે ઝપાઝપી થઈ હતી.

સૂત્રોના મતે ચીન તાજેતરમાં તેની સામે કોરોના વાયરસને લઈને ઉઠી રહેલા સવાલો તેમજ પાકિસ્તાનને મદદ કરવાની રણનીતિથી ધ્યાન અન્યત્ર ભટકાવવા માટે આ લુચ્ચાઈ કરી રહ્યું છે. અમેરિકા સહિતના દેશો કોરોના વાયરસની મહામારી ફેલાવવા બદલ ચીન પર દોષનો ટોપલો ઢોળી રહ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે જો ચીન સમયસર વિશ્વને કોરોના વાયરસની મહામારી અંગે વિશ્વને માહિતગાર કરી શક્યું હોત તો વિશ્વ આ સંકટ સામે લડવા વહેલા તૈયાર થઈ શક્યું હોત. અગાઉ યુએસના રાષ્ટ્રપતિએ ચીન દ્વારા કોરોનાથી મૃત્યુના આંકડા પણ છૂપાવવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

# મોદી સરકારે રાજ્યો માટે ખજાનો ખોલ્યોઃ રૂ. ૬૧૯૫ કરોડની ફાળવણી

*ન્યુ દિલ્હી,તા.૧૨*

કોરોના વાઈરસ સામેની લડાઈમાં કેન્દ્ર સરકારે રાજ્યોને ફરી એક વાર આર્થિક મદદ કરી છે. નાણાપ્રધાન નિર્મલા સીતારામને ગઈ કાલે ૧૪ રાજ્યોને આવકમાં થતા નુકસાન સામે રૂ. ૬૧૯૫ કરોડ જારી કર્યા છે. નાણાં મંત્રાલય દ્વારા કોરોના કાળમાં સંસાધન વધારવા માટે આ આર્થિક મદદ કરવામાં આવી છે.

કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામનની ઓફિસ દ્વારા ટ્વીટમાં કહેવામાં આવ્યું છે કે ૧૧ મે, ૨૦૨૦એ ૧૪ રાજ્યોને આવકના નુકસાનની ભરપપાઈ કરવા માટે અનુદાન સ્વરૂપે રૂ. ૬૧૯૫ કરોડનું ફંડ જારી કરવામાં આવ્યું છે. આ ૧૫મા નાણાં પંચની ભલામણોને અનુરૂપ છે.

આવકમાં નુકસાનની ભરપાઈ કરવા માટે અનુદાન આપવામાં આવે છે. જે રાજ્યોને કેન્દ્રીય કરોમાં હિસ્સેદારી પછી આવકમાં કોઈ પણ પ્રકારનું નુકસાન થાય ત્યારે આવકમાં થતા નુકસાન સામે અનુદાન આપવામાં આવે છે, જેમાં કેરળને રૂ. ૧૨૭૬.૯૧ કરોડ, પંજાબને રૂ. ૬૩૮ કરોડ અને પશ્ચિમ બંગાળનો રૂ. ૪૧૭.૭૫ કરોડ આપવામાં આવ્યા છે.

આ પહેલાં પણ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને આર્થિક પેકેજ આપવામાં આવ્યાં છે. ત્રીજી એપ્રિલે મંત્રાલયે ૧૪ રાજ્યોને કેન્દ્રીય કરોમાં હિસ્સેદારી પથી આવકમાં નુકસાનના અનુદાન સ્વરૂપે રૂ. ૬૧૯૫ કરોડ આપવામાં આવ્યા હતા, જેમાં આંધ્ર પ્રદેશ, આસામ, હિમાચલ પ્રદેશ, કેરળ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, પંજાબ, સિક્કિમ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, તામિલનાડુ અને ત્રિપુરા સામેલ છે.

## તંત્રી સ્થાનેથી...

# પર પ્રાન્તિઓથી વતન જવા ભાડાની વસુલાત અને વિદેશથી આવનારાનુ ભાડું માફ આ કઈ નીતિ......?

કોરોનાવાયરસે વિશ્વભરમા ૨.૮૪ લાખથી વધુ લોકોને જ્ઞાતિ-જાતિ, કોમ કે ગરીબ-શ્રીમંત જોયા વગર મોતના મુખમાં ધકેલી દીધા છે. જ્યારે કોરોનાગ્રસ્તોની સંખ્યા ૪૨ લાખને આંબી જવા પર છે. ભારતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૭૦ હજાર ને પાર કરી ગઈ છે અને મૃતાક ૨૨૨૦ થી આગળ વધવા લાગ્યો છે. ગુજરાતમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૮૫૪૭ પહોંચી છે અને મૃતાક ૫૧૫ થયા છે. પરંતુ ગુજરાતમાં અમદાવાદ સૌથી વધુ કોરોના સંક્રમિતોનું શહેર બની ગયું છે... પછી સુરત અને વડોદરા શહેર આવે. અમદાવાદમાં ૨૦૮૫ થી વધુ કેસ નોંધાયા છે ,મૃતાક ૪૦૦ થી આગળ વધી ગયો છે. ત્યારે અગત્યની વાત એ છે કે કોરોના ચેપનો સામનો કરી શકે તેવી આયુર્વેદ દવાને સફળતા મળતા રાજ્ય સરકાર અને આરોગ્ય તંત્રમાં ખુશી ફરી વળી છે. રાજ્ય સરકારે વધુ આયુર્વેદિક દવાઓ મંગાવીને લેતાં તેનો મોટો જથ્થો પણ આવી પહોંચ્યો છે. અમદાવાદના સમરસ હોસ્ટેલ ખાતે કોવિડ કેર સેન્ટર ઉભુ કરવામાં આવેલ છે જ્યાં ૨૧૩ દર્દીઓને આયુષ્ય મંત્રાલયની માર્ગદર્શિકા અનુસાર આયુર્વેદ દવા આપવાનું શરૂ કર્યું અને તેનું પરિણામ ઘણું જ સફળ રહ્યું જે પોઝિટિવ દર્દી હતા તેઓને ૭ દિવસ સુધી રેગ્યુલર આયુર્વેદિક દવા આપ્યા બાદ પુનઃ ટેસ્ટ કરવામાં આવતા આ પૈકીના ૨૦૩ જેટલા દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા જેને લઈને આરોગ્ય તંત્ર અને આરોગ્ય મંત્રાલયમાં ખુશી ફરી વળી હતી જેને ૧૦૦ ટકા સફળ પરિણામ કહી શકાય.... આમ છતાં બાકીના દર્દુઓની દવાઓ ચાલુ રાખી છે એટલે તેના પરિણામોમા પણ સફળતા મળશે તેવો દરેકને વિશ્વાસ છે. બીજી તરફ શરમજનક ઘટના એ બની ગઈ કે માનવતા મરી પરવારી હોય તેમ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે એક મૃતક મહિલાના શરીર પરથી કોઈ નરાધમે સોનાના દાગીના કાઢી લીધા હતા જેના કારણે લોકોમાં આ દાગીના ચોરનાર પ્રતિ ધિકકારની લાગણી વરસી પડી છે.....

ગુજરાતમાંથી મોટા પ્રમાણમાં પરપ્રાંતીઓ વતન જવા રવાના થઈ ગયા છે અને હજુ વધુ રવાના થઈ રહ્યા છે. સરકારી તંત્રે વતન જનારાઓ પાસેથી ટ્રેન તથા બસના ભાડા વસુલ કર્યા છે આ બધામાં વિદેશથી પરત ફરેલા-લાવવામા આવેલા લોકોને તેમના વતન જવા માટે બસ વગેરેની વ્યવસ્થા કરી પરંતુ તેમનું ભાડું માફ કરવામાં આવ્યું....! વતન પહોંચાડવાનું ભાડુ જ ન વસુલ્યુ... તેના કારણે આમ પ્રજામાં આશ્ચર્ય સાથે આક્રોશ ફરી વળ્યો છે..... લોકોનું કહેવું છે કે પર પ્રાન્તિઓ તો ઠીક આમ પ્રજા પૈકીના અનેક લોકો ભૂખથી ટળવળતા રહ્યા છે, ખીસામાં પૈસા રહ્યા નથી કે આવક નથી અને સરકારી સહાય કે અનાજ પણ મળ્યું નથી.....! ત્યારે ભારતના જ કામદારો, ગરીબો પાસેથી વતન જવાબ ભાડું લેવુ તે કેટલું યોગ્ય ગણાય....? ક્યાક ગુજરાત સરકાર માનવતા તો નથી ભૂલીને.....? કારણ આદિત્ય દેવો ભવમા ગુજરાત માને છે... બીજી તરફ વિદેશથી લાવવામાં આવેલા ભારતના સુખી પરિવારના લોકોને વતન પહોંચાડવાની મફત વ્યવસ્થા કરી આને શું કહેવાય.....? શું સરકારની નીતિ ગરીબ, મજૂર, રોજમદારો,લોઅર મધ્યમ વર્ગ વિરુદ્ધની છે.....? ર્ઙ્ગ્છાર્ઙ્ગુહ ને બે મહિનાથી વધુ દિવસ થયા... ધંધા-રોજગાર ઠપ્પ છે, આવક નથી, ખીસામાં પૈસા રહ્યા નથી ત્યારે ગુજરાત સરકાર વીજળી બિલ- શિક્ષણ ફી, મકાન ટેક્સ છ મહિના માટે માફ ન કરી શકે.....? કારણ કે સીએમ ખંડમાં દાતાઓએ નાણાં આપ્યા છે..... ધારાસભ્યોના પગાર- ભથ્થા બંધ કરીને આ જરૂરિયાતમંદોને માફી અને સહાય આપો તો સરકારનુ મોટામાં મોટુ માનવતાનું કાર્ય ગણાશે.... શું ગુજરાત સરકાર આ માટે નિર્ણય કરી શકશે....?ગુજરાતના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સામે ગુજરાત હાઈકોર્ટમાં કરવામા આવેલ વિધાનસભાની ચૂંટણીનો કેસ કોંગ્રેસના ઉમેદવાર સામે હારી ગયા છે. તેનાથી ભાજપમાં અને સરકારમાં હડકંપ મચી ગઈ છે. તો દિલ્હી ખાતે પણ તેના પડઘા પડયા છે. જોકે આ સમયે કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા એ પ્રતિક્રિયા આપતા કહ્યું કે નૈતિકતાના ધોરણે ભુપેન્દ્રસિંહે રાજીનામું આપવું જોઈએ. જ્યારે કે નાણા મંત્રી શ્રી નીતિન પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે કેસના ચુકાદાનો અભ્યાસ કરી લીધા બાદ નિર્ણય લેવામાં આવશે. આ ચુકાદાથી ઘણું દુઃખ થયું છે પરંતુ હાઈકોર્ટ ચુકાદા ઉપર સ્ટે મળી શકે તેવી આશા છે. સરકાર ભુપેન્દ્રસિંહ સાથે છે અને પુરો સહયોગ સરકાર આપશે. ત્યારે રૂપાણી સરકારે એક પત્રકારે ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તનના સમાચાર પ્રસિદ્ધ કરવા બાબતે પત્રકારની ધરપકડ કરી તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે...લોકો રૂપાણી સરકારને ઈન્દિરા સરકારના રસ્તે જઈ રહી હોવાની સાથે સરખાવી રહ્યા છે.... તો ભાજપાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ નેતૃત્વ પરિવર્તન ની વાત કરી હતી અને કેન્દ્રીયમંત્રી રૂપાલા જીએ સુરતનો ગંદવાડ અંગેની વાતો કરી હતી તો શું ગુજરાત સરકાર આ માટે પગલાં લેશે કે કેમ તેવા સવાલો આમ પ્રજામાં ઉઠવા પામ્યા છે. જ્યારે બીજી તરફ ઓનલાઈન ખરીદી કરવાનું ફરજિયાત કરવા બાબતે આમ પ્રજામાં ભારે આક્રોશ ફરી વળ્યો છે અને સવાલ કરે છે કે શું અધિકારીઓ મોલ સંસ્કૃતિને મહત્વ આપી નાના વેપાર ધંધાને બંધ કરાવી દઈને રૂપાણી સરકારને બદનામ કરવા માંગે છે કે શું.....? વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૩/૦૫/૨૦૨૦, બુધવાર, વૈશાખ વદ-૭
સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શ્રવણ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૦૯થી શુભ-૭-૪૭ સુધી, ૧૧-૦૫ થી ચલ-લાભ-અમૃત ૧૬-૦૧ સુધી, ૧૭-૩૯થી શુભ-અમૃત-ચલ-૨૨-૦૧ સુધી

- શુભ હોરા-
૬-૦૯ થી ૭-૧૪ સુધી, ૯-૨૬ થી ૧૨-૪૩ સુધી, ૧૩-૪૯થી ૧૪-૫૫ સુધી, ૧૭-૦૬ થી ૨૦-૧૨ સુધી

### ૧૭મી મે પછી રાજ્યોની આર્થિક સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારનો નિર્ણય

# ગુરૂવારથી રાજકોટમાં બંધ પડેલા ઉદ્યોગો ફરી ધમધમતા થશે

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં લોકડાઉન પુરી થવાને આરે છે. રાજકોટમાં બંધ પડેલા ઉદ્યોગો ફરી ધમધમતા થાય તે માટે રાજ્ય સરકારે કરી મોટી જાહેરાત કરી છે. હાલ તેને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. લોકડાઉન-૩માં ૧૭મી મે પછી રાજ્યોની આર્થિક સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત સરકારે પણ તેની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી લીધી છે. જેમાં અનેક ધંધાઓ ખોલવા માટેના નિયમો પણ બનાવ્યા છે. જેમાં શહેરની તમામ કાપડની દુકાનો ખુલ્લી રાખી શકાશે. લોકડાઉન બાદ પણ શહેરોની અંદર પ્રવેશવાની ચેકપોસ્ટમાં વધુ કડક ચેકીંગ કરાશે. સરકાર રૂપરેખા તો તૈયાર કરી રહી છે પણ જે શહેરમાં બજારો ખુલ્યા બાદ જો ફરી ૧૦ થી ૧૫ કોરોનાનાં પોઝિટિવ કેસ આવશે તો તે વિસ્તારોમાં આપેલી છૂટછાટ પાછી ખેંચવામાં આવશે અને તે વિસ્તારોમાં ફરીવાર લોકડાઉનનો કડક અમલ કરાવાશે.

આજે રંગીલા રાજકોટ શહેર માટે મહત્વની જાહેરાત કરતા સીએમઓના અગ્ર સચિવ અશ્વિની કુમારે જણાવ્યું કે, ૧૪ મેથી રાજકોટમાં ઉદ્યોગોને મંજૂરી આપી દેવાઈ છે. તેથી હવે ૧૪ મેથી રાજકોટમાં ઉદ્યોગો ધમધમતા થઈ જશે. લોકડાઉનમાં ઉદ્યોગોને ફરી જીવંત કરવા રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. તો રાજકોટમાં કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ ચાલુ થઈ શકશે. આ જાહેરાત સાથે રાજકોટમાં ગુરુવારથી ઉદ્યોગો ફરી ધમધમતા થશે. તેના માટે ઉદ્યોગકારોએ જિલ્લા કલેક્ટર કક્ષાએથી પરવાનગી મેળવવાની રહેશે. રાજકોટમાં ગુરુવારથી ઉદ્યોગો ફરી ધમધમતા થવાની જાહેરાત વચ્ચે ઉદ્યોગકારોને કેટલાક નિયમો બનાવ્યા છે, તેનું પાલન કરવાનું રહેશે. જેમ કે ઉધોગ કે કારખાનામાં માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ, કામદારોનો ટાઈમ નક્કી કરવો પડશે. એટલું જ નહીં દરેક કામદારોનું હેલ્થ ચેકઅપ કરવું પડશે. લક્ષણો ચેક કરી, કામદારોનું હેલ્થ ચેકઅપ જરૂરી બનાવવામાં આવ્યું છે. હાલ પરંતુ રાજકોટમાં કન્ટેન્મેન્ટ સિવાયના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ શરૂ થશે.

# ભાજપ પક્ષ અને રૂપાણી સરકાર ભુપેન્દ્રસિહ ચુડાસમા સાથે : નિતિન પટેલ

ગાંધીનગર,તા.૧૨

વર્ષ ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂટણીમાં રાજ્યના શિક્ષણપ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ૩૨૭ મતોથી ધોળકા વિધાનસભા બેઠક પરથી જીત થઇ હતી. જેમાં કોગ્રેસ પક્ષના ઉમેદવાર અશ્વિન રાઠોડે ચૂડાસમાની જીતને હાઈકોર્ટમાં પડકારી હતી. જેનો આજે મંગળવારે હાઈકોર્ટ દ્વારા વિધાનસભાની ચૂંટણી રદ કરવાનો નિર્ણય આપ્યો છે. ત્યારે રાજ્યના નાયબ મુખ્યપ્રધાન નિતિન પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે ભાજપ પક્ષ અને રૂપાણી સરકાર ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે છે. નાયબ મુખ્યપ્રધાને વધુમાં જણાવ્યું હતુ કે અમારો ભાજપ પક્ષ અને અમારી સરકાર ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે છે. હાઈકોર્ટના ચુકાદાને અમે અભ્યાસ કરી રહ્યા છે,

જયારે પટેલે એવું પણ જણાવ્યું હતુ કે હાઈકોર્ટે ચુંટણી રદ કરી છે તેથી સરકારમાં હવે તેમનુ સ્થાન અને ધારાસભ્ય પદે તેઓ રહેતા નથી. પણ રાષ્ટ્રીય નેતાગીરી અને વકીલોની સલાહ લઇને સારો અને વ્યવહારુ રસ્તો કરીશુ. તેઓ જનસંઘથી અમારી સાથે છે. ચૂંટણીની મતગણતરી થઇ હતી તે વ્યથીત થઇ નહતી તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. પણ આજે નામદાર હાઈકોર્ટ દ્વારા જે નિર્ણય કરવામાં આવ્યો છે તે અમારા માટે મોટો ઝટકો છે.

# અંબાજી માં દૂધ , મેડીકલ અને લોટ દળવાની ઘંટી સિવાયની ની તમામ દુકાનો રહેશે બંધ

તારીખઃ-૧૨ નાં રોજ અંબાજી ગ્રામ પંચાયત ખાતે અંબાજી ગ્રામ પંચાયતની કન્ટેન્ટમેન્ટ કમિટી અને ગામના આગેવાનોની બેઠક યોજાઇ ગત તારીખ ૯ ના રોજ અંબાજી પોલીસ સ્ટેશન ખાતે બેઠક યોજાઈ હતી અને તે બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે ૧૨ તારીખ મંગળવાર સુધી અંબાજી ગામમાં દૂધની ડેરી મેડીકલ અને લોટ દળવાની ચક્કી સવારે ૧૦ વાગ્યા સુધી ખુલી રહેશે અને તેના સિવાયની તમામ દુકાનો મંગળવાર સુધી બંધનો નિર્ણય કરાયો હતો અને ફરી આજરોજ મંગળવારે અંબાજી ગ્રામ પંચાયત ખાતે બેઠક મળી હતી અને બેઠકમાં નિર્ણય લેવાયો છે કે ૧૭ તારીખ સુધી દૂધ, દવાની દુકાન અને લોટ દળવાની ચક્કી સિવાયની તમામ દુકાનો રહેશે બંધ અને દૂધ ,દવા અને લોટ દળવાની ઘંટી સવારે ૧૦ વાગ્યા સુધી રહેશે ચાલુ અને આ સિવાય જો નિયમનો ભંગ કરી



અને કોઈએ દુકાન ખોલી તો તેના ઉપર દંડ પેટે પ્રથમ વાર ૧૦૦૦ રૂપિયા બીજીવાર ૨૦૦૦ અને ત્રીજી વખત જો એ દુકાન દાર દુકાન ખોલતો પકડાશે તો તેની દુકાન ને સિલ કરવાનો નિર્ણય અંબાજી ગ્રામ પંચાયતની કન્ટેન્ટમેન્ટ કમિટી અને ગામના આગેવાનોએ કરેલ છે અને ૧૭ તારીખ પછી ગામ ની જીવન જરૂરિયાતની દુકાનો ખોલવી કે કેમ તે ૧૭ તારીખ ના રોજ ૦૧:૦૦ વાગે અંબાજી ગ્રામ પંચાયત ખાતે ફરી બેઠક કરી અને નિર્ણય કરાશે આજની બેઠકમાં અંબાજી ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ કલ્પનાબેન પટેલ, અંબાજી ગ્રામ પંચાયતના સેક્રેટરી જે. ડી. રાવલ , ગ્રામ પંચાયતના સભ્યો, ગ્રામ પંચાયત ની કન્ટેન્ટમેન્ટ કમિટી નાં સભ્યો અને અંબાજી ગામના આગેવાન સુનિલ બ્રહ્મભટ્ટ ,બકુલેશ શુક્લા ,આકાશ ઠાકર સહિતના લોકો આ બેઠકમાં હાજર રહ્યા હતા અને ગામના હિત માટે આ નિર્ણય લેવાયો હતો...

## લોકડાઉનમાં કેવી છૂટછાટ આપવી અને કેવી સાવચેતી રાખવી તેની જિલ્લાવાર સમીક્ષા

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં લોકડાઉનની અમલવારી વચ્ચે મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ફરી એક વખત ઉચ્ચ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી હતી. રાજયની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સીએમ રૂપાણીએ રાજયના તમામ જિલ્લાના કલેક્ટરો, મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા પોલીસ વડા તેમજ રેન્જ આઇજી સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ, ગૃહરાજયપ્રધાન પ્રદિપસિંહ જાડેજા, સરકારનાં મુખ્ય સચિવ અનિલ મુકિમ તેમજ અગ્ર સચિવ કે. કૈલાશનાથન સહિતના વરિષ્ઠ સચિવો પણ હાજર રહ્યા હતા. ત્યારે બેઠકમાં રાજ્યમાં ૧૭ મે બાદ લોકડાઉનની સ્થિતિમાં કઇ રીતે છૂટછાટ આપી શકાય અને આ દરમ્યાન કેવી તકેદારી અને સાવચેતી રાખવી તેની જિલ્લાવાર સમીક્ષા કરવામાં આવી હતી.

# મહારાષ્ટ્ર-તમિલનાડુ કરતા ગુજરાતમાં કોરોના મૃત્યુદર અડધા કરતાં પણ ઓછો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક ૮૫૪૨ જ્યારે તેનાથી થયેલા મૃત્યુનો આંક ૫૧૩ થઇ ગયો છે. હાલ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તામિલનાડુ એવા રાજયો છે જ્યાં કોરોનાના કુલ કેસનો આંક ૮ હજારને પાર થયેલો છે. આ બંને રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં મૃત્યુદર અડધા કરતાં પણ ઓછો છે. મહારાષ્ટ્રમાં ૨૨૧૭૧ કેસ-૮૩૨ મૃત્યુ સાથે મૃત્યુદર૩.૭૫%, તામિલનાડુમાં ૮૦૦૨ કેસ-૫૩ મૃત્યુ સાથે મૃત્યુદર ૦.૬૬% જ્યારે ગુજરાતમાં મૃત્યુદર ૬.૦૧% છે. કોરોના ભારતમાં કુલ એવા ૧૧ રાજ્યો છે જ્યાં કોરોના કુલ કેસનો આંક ૧ હજારને પાર થયેલો છે.

જે રાજ્યોમાં ૧ હજારથી વધુ કેસ હોય તેમાં પશ્ચિમ બંગાળ ૯.૧૧% સાથે સૌથી વધુ મૃત્યુદર ધરાવે છે. પશ્ચિમ બંગાળમાં ૨૦૬૩ કેસ સામે ૧૯૦ના મૃત્યુ થયા છે અને ત્યાંનો મૃત્યુદર ૯.૧૧% છે. સૌથી વધુ મૃત્યુદરમાં પંજાબ ૮.૯૫% સાથે બીજા સ્થાને છે જ્યાં ૧૮૭૭ કેસ સામે ૩૧ના મૃત્યુ થયેલા છે. ગુજરાતમાં કુલ ૮૫૪૨ કેસ સામે ૫૧૩ મૃત્યુ થયા હોવાથી મૃત્યુદર ૬.૦૧% છે. ૧ હજારથી વધુ કેસ ધરાવતા રાજ્યોમાં વધુ મૃત્યુદર મામલે ગુજરાત ત્રીજા સ્થાને છે. ગુજરાતમાં આ સ્થિતિ પ્રમાણે કહી શકાય કે ૧૦ લાખની વસતીએ સરેરાશ ૧૨૬ વ્યક્તિ કોરોના પોઝિટિવ છે. ગુજરાતમાં હાલ એક્ટિવ કેસનું પ્રમાણ ૬૧.૪૫% છે.

ગુજરાત માટે રાહતની વાત 'રિક્વરી રેટ' છે. હાલમાં ગુજરાતનો રિક્વરી રેટ ૩૨.૫૫ ટકા છે. જેનો મતલબ છે કે કોરોના ધરાવતી ૧૦૦માંથી ૩૩ વ્યક્તિ સાજી થઇ ગઇ છે. કોરોના ૪ થી ૧૦ મે દરમિયાન ગુજરાતમાં કોરોનાના કેસનો દૈનિક વૃદ્ધિ દર ૬ ટકા નોંધાયો છે.

# ભારતીય જનતા યુવા મોરચાના કાર્યકરો દ્વારા પાટડી ખાતે રક્તદાન શિબિર યોજાઈ

આજરોજ ભારતીય જનતા યુવા મોરચા (શહેર અને ગ્રામ્ય) દ્વારા પાટડી, સૂરજમલજી હાઈસ્કૂલ ખાતે રક્તદાન શિબિર યોજાઈ ગયો. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ મૃગેશભાઈ રાઠોડ, પૂર્વધારાસભ્યશ્રી પૂનમભાઈ મકવાણા, ચેતનભાઈ શેઠ, નરેશભાઈ પટેલ, પ્રકાશભાઈ ડોડીયા, ભરતભાઈ ઝીઝુવાડિયા, રાજુભાઈ ઠાકોર, દર્શનાબેન પટેલ, રામભાઈ ચાવડા, ચિંતનભાઈ મહેતા, સુરેખાબેન પટેલ,




મીનાબેન દેસાઈ વગેરે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

કોરોના મહામારીના કપરા કાળમાં પરપ્રાંતિઓને પોતપોતાના રાજયમાં રવાના કરવાની અતિમહત્ત્વની જવાબદારીઓની વચ્ચે પણ કાર્યકર્તાઓના પરિશ્રમથી ૧૦૦ બોટલ રક્ત એકત્ર થયું હતું.

વૈશ્વિક મહામારીના સમયમાં યજ્ઞ સમાન આ કાર્ય સરાહનીય છે.

રિપોર્ટર..દિપકસિંહ વાઘેલા..પાટડી (લીંબડી)

# ગુજરાત ખેડૂત એકતા મંચ સુરેન્દ્રનગર દ્વારા મુખ્યમંત્રી ને રજૂઆત

આજે ખેડૂત એકતા મંચ સુરેન્દ્રનગર પ્રમુખ રાજુભાઇ કરપડા દ્વારા પત્ર લખી મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી ને રજૂઆત કરવામાં આવી છે કે ખેડૂતો હાલ કોરાના અને લોકડાઉન ની પરિસ્થિતિ હોય અને પાક જેવા કે ઘઉં, વરીયાળી, ચણા, કપાસ, વગેરે હજુ સુધી પુર્ણ વેચાણ થયેલ ન હોય અને સરકાર દ્વારા ટેકા ના ભાવે ખરીદી થતા ઘઉં કપાસ ચણા જેવી જણસોના ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવેલ હોય તેમ છતાં આજદિન સુધી સરકાર દ્વારા લોકડાઉન ના કારણે લીમીટેડ ખેડૂતો બોલાવવામાં આવતા હોય માટે હજુ ઓનલાઇન પ્રમાણે નંબર આવેલ નથી અને આ વેચાણ બાદ જ ખેડૂતો પાસે નાણાં આવે અને નવું બીયારણ લઈ વાવણી કરી શકશે

તેવી પરિસ્થિતિ છે અને સરકાર દ્વારા લોન રકમ ભરવાની છેલ્લી તારીખ ૩૧ મે હોય તો લોન રિન્યુ થઈ શકે તેમ નથી તો તાત્કાલિક આ બાબતે મુદત વધારી આપો અથવા બેંક ખેડૂત ને બેઠા લોન રિન્યુ કરી આપે તેમ આદેશ કરવા અરજ કરી છે છેલ્લા ત્રણ વર્ષથી ખેડૂતો ને ખરાબ વર્ષ ગયા છે તેમ છતાં આજદિન સુધી પાકવીમા ની રકમ કંપનીઓ તરફથી ચુકવવા મા આવેલ નથી તો આપ આ વિમા કંપનીઓ ને આદેશ કરી ખેડૂતોને ખાતામાં આ નાણાં તાત્કાલિક જમાં થાય તેમ આદેશ કરશો તમામ નિયમો અને શરતો વિરુદ્ધ પાકવીમા કંપનીઓ ચાલી રહી છે તો આ બાબતે ખાસ ધ્યાન આપશો અને ખેડૂતો ને હક્ક ના પાકવીમા ના નાણાં જમાં થાય તે માટે ઘટતું કરશો વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતો ને જે લોન હેકટર પ્રમાણે આપવામાં આવતા નાણાં મા વધારો કરવામાં આવે કારણ કે દવા બીયારણ અને ઓઝારોમાં ભાવ વધારો હોય માટે ખેડૂતો ને વધુ નાણાંકીય જરૂર પડશે.

### ભાજપનો ભ્રષ્ટાચારી ચહેરો ગુજરાત હાઈકોર્ટ દ્વારા બેનકાબ – અશોક ડાંગર

# ભુપેન્દ્રસિંહ ચુડાસમા એ ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને સ્વીકારી લઈ તાત્કાલિક રાજીનામું આપે – વશરામ સાગઠીયા

રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ શ્રી અશોકભાઈ ડાંગર, વિરોધપક્ષના નેતા શ્રી વશરામભાઈ સાગઠીયા, અને રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ શ્રી મહેશભાઈ રાજપૂતની અખબારી યાદી જણાવે છે કે આજરોજ ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક મહત્વનો ચુકાદો આપ્યો છે જેમાં ગુજરાત રાજયના ભાજપ સરકારમાં શિક્ષણ(પ્રાથમિક,માધ્યમિક,પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌસંવર્ધન અને નાગરિક ઉડ્ડયન ખાતાના મંત્રી તરીકેનું પદ ધરાવતા હતા તેમજ વર્ષ ડીસેમ્બર-૨૦૧૭માં તેઓની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અશ્વિનભાઈ રાઠોડ દ્વારા જીતને પડકારવામાં આવેલ હતી રીઝલ્ટ આવ્યું ત્યારથી જ ભુપેન્દ્રસિંહે પોતાના સત્તાનો દુરુપયોગ કરતી ચૂંટણી અધિકારી સાથે મીલીભગત કરી પોતાને ચુંટાયેલા જાહેર કરાવી દીધા હતા અને સત્યને દબાવવાની કોશીસ કરી હતી સત્યને દબાવી શકાય પરંતુ સત્યને ક્યારેય છુપાવી શકાતું નથી સત્યની હમેશ જીત થાય છે અને અસત્યનો હમેશા પરાજય થાય છે, ન્યાય તંત્રમાં દેર છે પણ અંધેર નથી આજરોજ સત્ય ની જીત થઇ છે તેમજ લોકોને ન્યાયતંત્ર દ્વારા સાચો ન્યાય મળેલ છે.



શ્રી અશોક ડાંગરે જણાવ્યું છે કે ગુજરાત રાજયમાં હાઈકોર્ટ દ્વારા આ મહત્વનો ચુકાદો આપી સત્યને જાહેર કર્યું છે અને ભાજપનો ભ્રષ્ટાચારી ચહેરો ખુલ્લો પડ્યો છે અને ભાજપ પક્ષ અને ગુજરાત સરકારના મંત્રીને બેનકાબ કર્યા છે ત્યારે રાજ્યની જનતાને પણ ન્યાય તંત્ર ઉપરથી ભરોસો ઉઠી ગયો હતો અને આ ચુકાદા ઉપરથી હવે કયાય લાગી રહ્યું છે ભાજપની ભ્રષ્ટાચારી માનસિકતા અને ગુંડાગીરીને ન્યાયતંત્ર દ્વારા માત આપી છે ત્યારે પ્રજા હવે સાચો ચહેરો ઓળખી ગઈ છે અને પ્રજાને ન્યાયતંત્ર પર ઉઠી ગયેલો ભરોસો ફરી બેઠો છે. શ્રી વશરામ સાગઠીયાએ જણાવ્યું છે કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આજરોજ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે ત્યારે રાજયની સરકારે અને ભાજપ પક્ષે આ ચુકાદાને સ્વીકારી તાત્કાલિક રાજીનામું આપી દેવું જોઈએ તેમજ રાજયના રાજકરણમાં આવા ચીટીંગ કરીને જીતેલા અન્ય ઉમેદવારોને હાઈકોર્ટ દ્વારા જલ્દીથી ચુકાદો આપી ઘરભેગા કરી દેવા જોઈએ.

શ્રી મહેશ રાજપૂતે જણાવ્યું છે કે જે સરકારના શિક્ષણ મંત્રી તેમજ કાયદા મંત્રી ખુદ પોતાના પદ માટે કોભાંડ કરતા શાબિત થયા હોય ત્યારે રાજ્યના શિક્ષણની અને કાયદાની સ્થિતિ કેવી હશે તે બાબતે વધુમાં જણાવ્યું છે કે જયારે ભાજપ સરકારમાં આવા ભ્રષ્ટાચાર કરીને વિજેતા બનેલા ઉમેદવારોને ભાજપ સરકારે ગુજરાત રાજ્યના શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાય તંત્ર, ખાતાના મંત્રી તરીકેના પદાધિકારી બનાવ્યા છે ત્યારે તે બાબતે એ સ્પષ્ટ થાય છે કે જે રાજયના ભાજપ સરકારના આવા ભ્રષ્ટાચારી મંત્રીને શિક્ષણ અને કાયદા સાંભળવાનું કામ આપ્યું હોય તે જ એક મોટી ભૂલ છે કારણકે શિક્ષણ મંત્રી એવા હોવા જોઈએ કે એ યુવાનોને સાચી રાહ ચીંધનારા અને ભારતીય બંધારણને યુવાનો માનસન્માન આપે તેવું શિક્ષણ આપનારા હોવા જોઈએ તેના બદલે ખુદ મંત્રી જ કાયદાનું ઉલ્લંઘન કરતા હોય અને સરેઆમ નીતિનિયમોની એસીતેસી કરીને ગુજરાતના ભાજપ સરકારના મંત્રી જ આવું કૃત્ય કરે છે તો તેઓના દિલ્લીમાં બેઠેલા નેતાઓ કેવા હશે તેમજ પક્ષની માનસિકતા કેવી હશે ? તે ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ઉપરથી સ્પષ્ટ શાબિત થઇ ગયેલ છે તેવું જણાવ્યું છે.(મહેશ રાજપૂત)

પૂર્વ પ્રમુખ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ

# ન્યુઝ ઓફ ગાંધીનગર બાળવિભાગ (પદ્ય) પરિણામ:અહેવાલ : જીજ્ઞા કપુરીયા

બાળ વિભાગ વિભાગ પદ્ય

શીર્ષક: रे मामा रे मामा रे.

Archana ni Rachana

सुन लो सुनाता हु तुमको कहानी.
Lockdown मे बाजार मे निकली ये दानी.
रे मामा रे मामा रे।
दानी गयी बाज़ार में फ़्रीने को ठंडा।
ठंडा बंडा कुछना मिला हमको मिला डंडा।
रे मामा रे मामा रे.
दानी गयी बाजारमें खाने पानीपुरी
पुरी बुरी कुछ ना मिली रखनी पड़ी दूरी।
रे मामा रे मामा रे
दानी गयी बाजार में लेने  खिलौने।
गुड़िया वुडिया कुछ ना मिली दानी लगी रोने।

અર્ચના મોતીવાલા
મુંબઈ : કાંદિવલી.

-------------

ચાલો જઈએ આજે ખિસકોલી ની ખુલ્લી નિશાળમાં,,
આવે હાથી ડોલતો ડોલતો,
લઈને મોટા કાન,,,
વાંદરો તો વહેલો આવી કરતો ખૂબ તોફાન!
કાબર, પોપટ, મેના, ચકલી, ભણતા એ તો ખંતથી,,
ખિસકોલી તો ફરતી શાળામાં વટથી,
સસલું સૌથી શિસ્તબદ્ધ, જાણે સ્વચ્છતા નો એ દૂત,
કાગડો સૌને કલા બતાવતો બનીને કાળું ભૂત!
સૌ પ્રાણીઓ રહેતા સંપીને,, કરતાં કૂદમકૂદ,,
સાથે ભણી ગણીને એ તો કરતાં ઉછળકૂદ,
આવો, બાળકો અમારી સાથે,,
કરજો અમને પ્રેમ,,
પર્યાવરણ ની કરીશું રક્ષા,
મેળવીને ઉંચી શિક્ષા,,
ચાલો, જઈએ આજે ખીસકોલી બેનની શાળામાં!

કલ્પના ત્રિવેદી સુરેન્દ્રનગર

--------------

*Title - MOTHER*

My mother is tall and beautiful,
She is cute and wonderful.
Her hairs are straight and smooth,
She is having white tooth.
Her eyes are lovely,
And she is dressed neatly.
She wears beautiful dress,
And scolds when I make a mess.
Her favourite colour is pink,
And she writes a good link.
Writing is her favourite hobby,
Tired in evening with a cup of coffee, found in lobby.
She is my God,
I love her in each and every odd.

*PRIYANSHI SHAH"PAAKHI"

--------------

"મહેચ્છા"

સપનું અમારું ઘર મજાનું,
જીવશું સુખ સંસાર,
હવે જીવશું સુખસંસાર,
અમને ખપતો નથી અંધકાર..(૨)
લઇશું હાથે કલમ કિતાબો,
મળશે વિદ્યાદાન,
હવે મળશે વિદ્યાદાન,
અમને ખપતો નથી અંધકાર..(૨)
ચાહના કેવળ ઉજળું જીવન,
બચપન તરુણ પ્રકાશ,
હવે બચપન તરુણ પ્રકાશ,
અમને ખપતો નથી અંધકાર..(૨)
અમ અધરો પર સ્મિત નિરાળું,
મહેકે જીવનબાગ ,
હવે મહેકે જીવનબાગ,
અમને ખપતો નથી અંધકાર..(૨)
જાગ જરા કટ્ટર માનવ સૂણ,
બાળ તણો લલકાર,
હવે બાળ તણો લલકાર,
અમને ખપતો નથી અંધકાર..(૨)
સપનું અમારું ઘર મજાનું,
જીવશું સુખ સંસાર,
હવે જીવશું સુખસંસાર,
અમને ખપતો નથી અંધકાર..(૨)

-લીના વછરાજાની. -અમદાવાદ.

--------------

બાળગીત

વિષય : ચશ્માં

પહેરે છે ચશ્માં અવળાં સવળા,
લાગે જાણે બહુ  રૂડાં ને રૂપાળા.
આ પ્યારાં પ્યારાં લાગે  બાલુડા,
લાગે જાણે છે એ  બાગના ફુલડાં.
નીલા લીલાં પહેરે આંખ પર ચશ્માં,
રંગબેરંગી થઈ જાય એ દુનિયામાં.
વટ પાડવા આમતેમ ઘુમાડે ચશ્માં,
અદા કરી ફોટા પાડે એ પહેરી ચશ્માં.
નીકળે જ્યારે સુટ બુટ પહેરી ચશ્માં,
હિરો નંબર વન લાગે છે એ જગમાં.
નીલી લીલી લાગે છે દુનિયા ચશ્મામાં,
ચશ્માં પહેરી રંગ બદલે છે દુનિયામાં.
ગામની શેરીઓમાં નીકળે જ્યારે પીન્ટુ,
આંખો ફાટીને થઈ જાતી લટ્ટુ  ને ટટ્ટુ.

'મન'

મનોજકુમાર પંચાલ  પાલનપુરબાળ

શીર્ષક-રંગીલા ફૂલ

મારા બાગમાં ફુલડા અપાર,
 ગમતા રે મુજને એ રંગીલા ફૂલ.
ડાળે શોભતા કેવા અપાર,
 ગમતા રે મુજને એ રંગીલા ફૂલ.
મીઠડું બોલતા ને સહુને બોલાવતા
ડગમગ ડોલતા ને સહુને ડોલાવતા
ડાળે ઝૂલતા એ તો અપાર,
 ગમતા રે મુજને એ રંગીલા ફૂલ
ઝૂકી ઝૂકીને એ મનડું મહેકાવતા
મલમલ મુખડું મોજે મનાવતા
હસતા હોંશથી હેતે અપાર,
 ગમતા રે મુજને એ રંગીલા ફૂલ

મેહુલ ત્રિવેદી  ખેરાળી

--------------

શીર્ષક- દાદાજીના દેશમાં

ચાલો ચાલો દાદાજીના દેશમાં રે
હોડીમાં બેસી અમે જઈશું રે
ખોબલે ખોબલે નીર અમે ભરશું રે
દાદાજીના દેશ રૂડા આંબાની બાગ છે
મીઠી મધ કેરી ખાઈશું રે
ચાલો ચાલો દાદાજીના દેશમાં રે
દાદાજીના દેશ રુડા લીલી છે વાડીઓ
આંબલી પીપળી અમે રમશું રે
ચાલો ચાલો દાદાજીના દેશમાં રે
દાદાજીના દેશ રૂડા ગીરની છે ગાયો ભેંસો
મીઠાં દૂધ દહીં ઘી અમે ખાઈશું રે
ચાલો ચાલો દાદાજીના દેશમાં રે
હોડીમાં બેસી અમે જઈશું રે.ધીરે હલેસા મારજો રે
અલા હોડીવાલા ભાઈજી.
ચાલો ચાલો દાદાજીના દેશમાં રે

મીના માંગરોલીયા મીનુ  અમદાવાદ

# "પડે તેવી દેવાશે" જુઠ્ઠાણાં ની સરકાર.ભાગ – ૭ : પ્રદીપ રાવલ

આ પણ જૂઠાણાં ની સરકાર સાબિત થઈ છે..શ્રમિકો પાસેથી ભાડાના ના છોડ્યા..રાશન કાર્ડ માં સડેલું અનાજ આપ્યા ની ફરિયાદો છે.કોણે ક્યાં કેટલા શું વહેંચ્યા જેનો કોઈ હિસાબ નહી.મધ્યમ વર્ગ ને રોજ ફિક્સ કરેલા આરોગ્ય ના આંકડા થી છેતરામણી જાહેરાતો છે.સૌ અંધ ભક્ત ઊંટ નો હોઠ સરકાર સામે સામે મો ફાડી. લબડાવી સ્વાર્થે લાચાર થી બધું ચૂપ ચાપ જોયાં કરે છે..પ્રજા ની છાતી ઉપર ચઢી આં સરકાર રોજ નવા જુઠ્ઠાણાં ફેલાવે સત્તા ના જોરે બંધ બારણે રાજકીય નગ્ન નાચ હૈહદ્ધીદ્ધ નિર્ણયો કરેપહવે મીડિયા ની પ્રેસ મીટ પણ બંધપમાહિતી અધિકારીઓ ને પોતાની ખુરશીમાં બેસી સીએમ હાઈ પાવર કમિટીના ઘરના ભુવાઓ એ વગાડેલા ડાકલા ના વિડિઓ મીડિયા ને લાઈવ કરવા મોકલાયપસીધે સીધી બેઠી પ્રેસ પ્રસિદ્ધિ માટે આંકડાઓ ની માયાજાળ રચીને ને મોકલી દેવાયપ.વોરિયર્સ માંથી અને કોરોના પેકેજ માંથી પણ બાકાત મીડિયા ચૂપચાપ બધું છાપી પ્રસિદ્ધિ આપેપપકોઈ કોઈ ને કહેનાર નહિ..પ્રાઈવેટ હોસ્પિટલ મા સાડા આઠ થી અગિયાર લાખ ના માત્ર બેચાર ગોળી.બેચાર ઈન્જેક્શન આપવામાં પેકેજ લેવાય..આખ ઘર માં એક પોઝિટિવ હોય તો મૃત્યુ ઘંટ નો ભય ડોકટરો દ્વારા બતાવાય .. આખું ઘર ટેન્શન મા..સરકારી હોસ્પિટલો માં સીધા જાવ તો લક્ષણો વિના કોઈ ટેસ્ટ ના કરે. પરિણામે પ્રાઈવેટ ના દલાલ સરકારી ડોકટર અને અધિકારીઓ બનેપ. બધા બધું જાણતા હોવા છતાં ઢાંક પોછોડો કરાયપ..પ્રજા સાથે દેખી શકાય તેવી ના ઈન્સાફી સત્તાના જોરે કરવામાં આવેપસાંસદ કે.સી.પટેલ જેવા મુસ્સદી વાપી ના બજાર માં સલૂન ખોલાવી વાળ કપાવવા બેઠા હોય અને વિડિયો વાયરલ થાય..કોંગ્રેસ ના લોકો સત્તાના દૂર ઉપયોગ નો આક્ષેપ કરેપરાજકોટ ના ધારાસભ્ય પાન.ગુટકા ની દુકાન આખી બહારવટિયા ની જેમ લૂંટી લઈ વાયરલ વિડિઓ અને પેપર પ્રસિદ્ધિ દેખાયપસુરત કોર્પોરેટર ના ભાઈ સવાલાખ રૂપિયા શ્રમિકો ના લૂંટી શ્રમિકઢોશ્રમિકને લોહી લુહાણ થાય તેવો માર મારે ..તોયે લિંબાયત માં કરવા ખાતર કેસ કરી સાંસદ પાટીલ ના દલાલ રાજેશ વર્મા ને તાત્કાલિક જામીન પર છોડી મુકાયપ..અમદાવાદ માં પીએસઆઇ ને ધસડી ગાડીમાં નાખતા રણજીત ભરવાડ નામના માથાભારે વ્યક્તિ ને ભવન ભરવાડ ની સૂચના થી છોડી દેવામાં આવેપ..રાજકોટ માં ડોડીયા નામના પીએઆઇ જાહેર મા મહિલા ને બે ફડાકા મારેપ.આવા ભાજપ ની ભવાઈ કરતા ધારાસભ્ય.સાંસદ અને લૂખા તત્વો ના ખેલ આં (ભાઈનું નહીં પણ ભાભી નું રાજ)આખા રાજકોટ માં લોકો ચર્ચાઓ કરેપતેવા સ્ટેમ્પ રાજ ચલાવતા વિજય રૂપાણી અને પ્રદીપસિંહ જાડેજાપ..ગુજરાત ની પ્રજા માં ભાજપ ની સરમુખત્યાર શાહી બતાવવા નીકળ્યા છે કે શું?પ..શું કોઈ માનવતા જેવુ કાઈ છે જ નહિ?પઆખી સરકાર ભ્રષ્ટાચાર ના દરિયામાં સાબિત થઈ તોયે હજુ " કોરોના" થી ડરતા નથી?પપપણ જૂન.જુલાઈ માં આં સત્તાધીશો ના ધોતિયા ઢીલા થઈ જવાના છે અને સિક્યોરિટી ઓછી પડે તેવું કોરોના પોઝિટિવ નું રૌદ્ર સ્વરૂપ સામે આવતું દેખાય રહ્યું છે જે સરકારી આકડાં ની વૃદ્ધિ ઉપરથી દેખાઈ આવે છે.. રાજકીય પાપ ની સીમા હવે આં મોદી શાહ શાશન ઓળંગી ચૂક્યું છેપ.મહાદેવ માફ નહિ કરે..એક હિ આગ જન ફરિયાદપ.ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક..સંપાદક : પ્રદીપ રાવલ.ગાંધીનગર

(સત્ય ની જ હંમેશા પડખે રહેતું પાટનગર નું એકમાત્ર નીડર. પ્રાણવાન અખબાર)(આપના અભિપ્રાય નીડરતા.માનવતા ના ધોરણે ૯૮૨૪૬૫૩૦૭૩ વોટ્સ એપ કરશો નામ નીં ગુપ્તતા રહેશે.(હિંમતે મર્દા તો મદદે ખુદા)

૨૪ વરસ થી ભાજપ નું શાશન છે અનેક માનવ હત્યા.રાજકીય હત્યા.નલિયા સેક્સ રિસોર્ટ કાંડ ને બહુમતી થી વિરોધ પક્ષ ની ગેર હાજરી થી ક્લીન ચીટ.રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા બાહોશ પોલીસ કર્મીઓ ને ઊંધા રવાડે ચઢાવી નકલી એન્કાઉન્ટર ના ભોગ બનાવી નવ વરસ સુધી કેટલાક ને જેલવાસ કરવો પડ્યો.ગુજરાત માં લોહિયાળ ૧૨ વરસ નું કલંકિત શાશન ભોગવી અઢી લાખ કરોડ ના દેવામાં ગુજરાત સરકાર ને મૂકી મોદી દિલ્હી પીએમ બન્યા..અનેક જુઠ્ઠાણા નો ઈતિહાસ રચી હથેળી માં ચાંદ બતાવી આં પોસ્ટકાર્ડ લખવાનુ કહેતા કહેતા ભાઈ દિલ્હી જઈ આજે બહેનો ના ઘર ભાંગવા આવ્યા ત્યાં સુધી પાછા ડોકાતા નથી પદિવસે દિવસે ખોટા પ્રજાં હાલાકી ના નિર્ણયો થી ત્રાહિમામ મોદીજીના અનુયીઓ રૂપી અંધ ભક્તો પણ ત્રણ વાંદરા ના નિશાન ની જેમ મો લટકાવી પ્રજા માં ફરે છેપ.રૂપાણી જી તો કરારબદ્ધ જાણે પાકા સ્ટેમ્પ નિં જેમ જ હોમવર્ક રૂપી શાશન કરે છે.માંડવી માનસી સોની પ્રેમ લીલા જાશૂષી કાંડ ઢાંક પીછોડો અને અનેક ગુજરાત ના કાંડ થી થર થર કાંપતી પ્રજા ઉપર ભય વિના પ્રીત નહિ નું શાશન મોદીજી ગુજરાત ની જનતા ને ભેટ સ્મૃતિ આપી ને ગયાપઅનેક વૈભવ શાળી સામિયાના રિવર ફ્રન્ટ બંધિયાર પાણી ના પ્લેટફોર્મ ઉપર વિદેશી મહેમાનો બોલાવી તાંયફાં કર્યા.નકલી પ્રસિદ્ધિ માં કરોડો લૂંટાવી દીધા..દિલ્હી જઈ પણ મન કી બાત પ્રમાણે જાણે પ્રજા ઉપર વર લેવાનુ હોય તેમ નોટ બંધી.અને જી.એસ.ટી નો પાછો માર આપ્યોપ.દેશ ના માફિયા બેન્કો ના લૂંટારાઓ ને પણ ૯૬.૦૦૦ કરોડ દેવા માફ ની સખાવતો આપી સરમુખત્યાર શાહી ના દર્શન કરાવ્યાપ.કોરોના હવે ના મૂકે તે નક્કીપપ

સરકાર ના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ધોળકા મત વિસ્તાર ના ઉમેદવાર તરીકે ૩૨૭ મત થી જીત જાહેર કરીને અત્યાર સુધી મંત્રીનપદે ટકી રહ્યા.જેને હરીફ ઉમેદવાર દ્વારા હાઈકોર્ટ માં પડકારતા આજે તેઓ હાઈકોર્ટ ના ન્યાય મુજબ હારી ગયા છે એટલે કે ચૂંટણી કમિશનર ,ચુનાવ આયોગ ની તટસ્થતા સામે પણ સવાલ ઉભા થયા છે હવે તેમને નૈતિકતા ના ધોરણે હાઈકોર્ટ નું માં રાખવા શિક્ષણ મંત્રી તરીકે રાજીનામું આપવું જોઈએ.જો રૂપાણી સરકાર હજુ કોઈ ન્યાયિક ચેડાં કરવા જશે તો પ્રજામાં રહેલો બાકી નો વિશ્વાસ પણ ગુમાવી બેસેપ.

પજાણીએ ટૂંકો તેમની હાર નો ઈતિહાસ.

ભૂપેન્દ્રસિંહ ચુડાસામા રૂપાણી સરકારની કેબિનેટમાં શિક્ષણ મંત્રી છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ૩૨૭ મતોથી કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડ સામે જીત્યા હતા. આથી કોંગ્રેસે તેમની આ જીતને હાઈકોર્ટમાં પડકારી હતી. અશ્વિન રાઠોડે એવો આક્ષેપ કર્યો છે કે, મતગણતરી વખતે ગણતરીમાં બેલેટ પેપરની ગણતરીમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ કેસમાં બન્ને પક્ષે સાક્ષીઓની જુબાની લેવામાં આવ્યાં બાદ રિટર્નિંગ ઓફિસર ધવલ જાનીની ટ્રાન્સફર કરવા હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો હતો. બીજી તરફ, ચૂંટણી પંચે પણ કબૂલ્યુ હતું કે, ધોળકા બેઠકની મતગણતરીમાં ગફલત થઈ છે અને કોર્ટે ગુજરાત સરકારને ધોળકાના રિર્ટનિંગ ઓફિસર ધવલ જાની અને ઓબ્ઝર્વર આઈએએસ વિનીતા બોહરા સામે સખત પગલા લેવા પણ જણાવ્યું હતું. હવે આ સમગ્ર મામલો અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. આચારસંહિતા હતી ત્યારે જ ભૂપેન્દ્ર ચુડાસમાને ફાયદો કરાવવા માટે ડે. કલેક્ટર તરીકે ગૌરાંગ પ્રજાપતિને બદલીને તેમના સ્થાને ધવલ જાનીની નિમણૂક કરવામાં આવી હતી. પણ આજે કોર્ટે આ ચૂંટણી રદ કરી છે.

ગુજરાત સરકાર નું મુખ્યમંત્રી કાર્યાલય હવે ચોથી જાગીર નો અવાજ બંધ કરવા પ્રાઈવેટ વેબ સાઈટ આધારિત ન્યુઝ પોર્ટલ ના માલિક.તંત્રી ઉપર નોન બેલેબલ જેવા કાયદા અંતર્ગત ધરપકડ કરાવી ચોથી જાગીર ના હક ઉપર તરફ મારી રહી છે..મોટા કદાવર મીડિયા ને સરકારી યોજનાના કડ કરતા વધારે રકમ પ્રસિદ્ધિ પાછળ ફાળવી રહી છે અને સરકાર ને આર્થિક નુકશાન કરી રહે છે જ્યારે આજે મીડિયા ને વોરિયર્સ માંથી પણ બાકાત રાખી કોઈપણ કોરોના પેકેજ નહિ આપી ને એક માત્ર મોદી મીડિયા વિરોધી ચરિતાર્થ કરવા ભારતીય જાણતા પાર્ટી ના શાસકો નું આં ઘોર કૃત્ય ને કોરોના જેવા દૈત્ય ઘેર બેસાડે તો નવાઈ નહિ.શું ભાજપ સરકાર સરકાર ની ઘોર ટીકા કરનાર અને સત્ય પરિસ્થિતિ ની આયનો બતાવનાર તટસ્થ મીડિયા ના સંપાદકો, સુબ્રમણિયમ સ્વામી, જય નારાયણ વ્યાસ..પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા,સુરેશ મહેતા અને અનેક મારા જેવા સમેન્સુ આવા નોન બેલેબલ કાયદા નો ઉપયોગ કરી કેસ કરી ધરપકડ કરાવશે?..ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (શિક્ષણ મંત્રી) હાઈકોર્ટ કેસ હારી જતા નૈતિકતા ના ધોરણે રાજીનામું આપેપઆં પહેલી વકતા પાણીપ"પડે તેવી દેવાશે" ભાગ ૬ બાદ વિકેટ પડી છે.. હજુ જાગ્યા ત્યાંથી સવાર થાય તો સારુંપનહિ તો કોરોના રૂપી સૈન્ય તૈયાર છેપ એક હિ આગપજન ફરિયાદ..ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક.પ્રદીપ રાવલ(૯૮૨૪૬૫૩૦૭૩).

(મંતવ્ય.ગજાનન અંબેકર)

નોટબંદી જીએસટી બિલ પસાર કરવામાં આવ્યો ત્યારે સમય હતો રાત્રી મહારાષ્ટ્ર પ્રદેશમાં મુખ્યમંત્રી શપથવિધિ સમારોહ યોજાયો હતો એ સમય પણ રાત્રે મોડી રાત્રે આજે જયારે પુનઃ વડાપ્રધાન સમાચાર માધ્યમો દ્વારા સંબોધન કરવા માટે આવશે તે સમય પણ રાત્રે અને ભારતીય અર્થતંત્રને ખોખલું કરવાના પ્રયાસો કરવા માટેનો સમય રાત્રે આઠક વાગ્યાના સમયે આજરોજ આર્થિક સુનામીની પરિસ્થિતિ વખતે પીએમ કેયર ફંડની જાહેરાતોથી મબલખ ધનરાશિ જમા થઈ છે જેની નોંધ હિસાબ બિલકુલ આપવા માટે નિયમો નથી ત્યારે આજે સત્યનો તિરસ્કાર જૂઠનો સત્કાર કરવાનો પ્રયોગ અજમાવામા મોખરે મૂડીવાદી ચોકીદાર જનતા જનાર્દન સામે ક્યાં પ્રકારની અકલ્પનીય ચમત્કારીક જાહેરાત કરશે?આ વિડંબણા મનોમંથન જનમાનસમાં થઈ રહેલ છે

અમારા અવલોકન પ્રમાણે ત્રીજા લોકડાઉન એલાન સંદર્ભે સરકારી સિસ્ટમ વડે જાહેરનામું બહાર પાડવામાં આવેલ ત્યારે જનમાનસમાં વિકટ પરિસ્થિતિમાં સમસ્યાઓ સંદર્ભે ઉપાયની આશા નિરાશામાં ફેરવાઈ ગઈ છે ત્યારે આજરોજ વડાપ્રધાન સમાચાર માધ્યમો દ્વારા જનતા જનાર્દન સામે સંબોધન વખતે નોટબંદી જીએસટી બિલ જેવા જોખમી જીવલેણ એલાન કરે તો નવાઈ નહીં કારણ કે જૂઠની ખેતી કરવામાં અવ્વલ દરજજાના સત્તામાં મદમસ્ત ભાજપ સરકારની પરંપરાગત જૂઠનો જય જયકાર કરવા માટે પ્રયત્નશીલ છે ભારતીય લોકશાહી લોકતંત્ર માટે ખતરનાક સાબિત થઈ રહેલા મૂડીવાદી ચોકીદાર અને તડીપાર મુક્ત ભારતદેશ બનાવવા માટે પ્રયત્નશીલ રહેવું એજ દેશપ્રેમ કહેવાય

# થેલેસેમિયાના દર્દીને લોહીની તાત્કાલિક જરૂરિયાત સમયે ચાલુ ફરજ દરમિયાન પોતાનું બ્લડ આપતા ઈડર પોલીસ વોરિયર્સ



આજરોજ તારીખ ૧૦-૦૫-૨૦૨૦ ના રોજ ઈડર પોલીસ સ્ટેશનના પી.આઈ પી.એલ.વાઘેલા નાઓને ઈડર શહેરમાંથી જગદીશભાઈ મંગલાણી નાઓનો ફોન આવેલ અને જણાવેલ કે તેઓના પુત્ર સમીર મંગલાણી ઉંમર વર્ષ ૨૧ નાઓ થેલેસીમિયા ના દર્દી હોય અને તેઓને આજરોજ એબી પોઝિટિવ બ્લડની તાત્કાલિક જરૂર હોય અને આ લોક ડાઉન સમયે બ્લડ મળતું નથી.

તેમ જણાવતા પી. આઈ. પી એલ વાઘેલા ના ઓએ આ બાબતની જાણ સાબરકાંઠા જિલ્લા પોલીસ અધીક્ષક શ્રી ચૈતન્ય માંડલીક સાહેબના નાઓને કરતા તેમની સૂચના તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી.એમ. ચૌહાણ સાહેબ ઈડર વિભાગ ઈડર નાઓનાં માર્ગદર્શન મુજબ ઈડર પોલીસ સ્ટેશન ના સ્ટાફમાં આ બાબતની જાણ કરાતા ઈડર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી સૂરજ સિહ જગતસિંહ નાઓનું બ્લડ એબી પોઝિટિવ હોય અને હાલ તેઓ ઉમેદપુરા ગામે કોરોના વાયરસ સંદર્ભે બંદોબસ્ત માં ચાલુ હોય ચાલુ ફરજ દરમિયાન ઉપલા અધિકારીઓ ની મંજૂરી દ્વારા ઇડરની આત્મવલ્લભ હોસ્પિટલમાં પોતાનું બ્લડ આપેલ જેથી સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી ઈડર વિભાગ ઈડર નાઓ એ પોલીસ કર્મચારી સુરેશ સિહ જગતસિંહ ને કોરોના વોરિયર્સતરીકે બિરદાવ્યા છે

અહેવાલ- ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા)

## ગુજરાતનો ખેડૂત રાજયની કોઈપણ પી.એમ.સી.માં

# કૃષિ પેદાશો વેચી શકશે અને રાજ્યનો કોઈ પણ વેપારી એક જ લાયસન્સથી રાજ્યની તમામ એપીએમસીમાંથી ખરીદી કરી શકશે. ખેડૂતહિતના નિર્ણય આવકારદાયક છે. -ભરત પંડયા

મોટી ઈસરોલ, તા.૧૨

ગુજરાતનો ખેડૂત રાજયની કોઈપણ પી.એમ.સી.માં કૃષિ પેદાશો વેચી શકશે અને રાજ્યનો કોઈ પણ વેપારી એક જ લાયસન્સથી રાજ્યની તમામ એપીએમસીમાંથી ખરીદી કરી શકશે.તેવા ખેડૂતહિતના રાજ્ય સરકારના નિર્ણયને ખેડૂત હિતમાં આવકારદાયક છે તેમ પ્રદેશ ભાજપના પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતુ.



ભાજપ પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ મુખ્યમંત્રીને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે,ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકારે દરેક ક્ષેત્ર, દરેક વર્ગને આવરી લઈને તેના હિતના નિર્ણયો લઈ રહી છે. બી.પી.એલ., એ.પી.એલ. કે પરપ્રાંતિયોને મફત અનાજ આપવાની વાત હોય કે દિવ્યાંગ કે વિધવા બહેનોને સહાય આપવાની હોય અને નાના-મોટા ઉદ્યોગને રાહત આપવાની હોય કે પછી શ્રમિકો કે વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણયોની લેવાની વાત હોય કે પછી ખેડૂતહિતની વાત હોય.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, સરકારે ખેડૂતહિત માટે એક નવું પગલું ભર્યું છે. ખેડૂત કોઈપણ એ.પી.એમ.સી.માં પોતાની જણસને વેચી શકશે. અને રાજ્ય નો કોઈ પણ વેપારી એક જ લાયસન્સથી રાજ્ય ની તમામ ક્દ્વષ્ઠ માંથી ખરીદી કરી શકશે. જેથી સ્પર્ધા થશે અને ખેડૂતને સારાં ભાવ મળશે. અને માત્ર apmc માંથી ખરીદશે તો જ માર્કેટ ફી ભરવી પડશે ખેડૂત ના ઘરે થી ડાયરેક્ટ ખરીદશે તો નહિ ભરવી પડે .

ખેડૂત પ્રતિનિધિ ની સંખ્યા ૮ થી વધારી ૧૦ કરી એટલે ખેડૂત નો અવાજ વહીવટ માં બહુમતી બનશે. આ ખેડૂતહિતનાં નિર્ણયને ભાજપ આવકારે છે.અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણી અને કૃષિમંત્રીશ્રી આર. સી. ફળદુને અભિનંદન આપે છે. કારખાનેદાર, દુકાનદાર કે ઉદ્યોગકાર પોતાનો માલ કોઈને પણ વેચી શકતો હોય છે. પણ ખેડૂત જે તે વખતે વેચી શકતો ન હતો.ભાજપ સરકારનાં નિર્ણયોમાં ખેડૂત પોતાનું ખેત ઉત્પાદન રાજયની કોઈપણ એ.પી.એમ.સી.માં જઈને વેંચી શકશે તેવો પહેલાં નિર્ણય કરવામાં આવ્યો અને હવે એક જ લાયસન્સ માં વેપારી કોઈપણ એપીએમસીમાંથી ખરીદી શકશે. ભાજપની સરકાર હંમેશા ખેડૂતો માટે નિર્ણયો લેતી આવી છે. ભૂતકાળમાં ખેડૂત પોતાની જમીન ૮ કિ.મી.ની અંદર વેચી શકે તેવો કાળો કાયદો પણ ભાજપની સરકારે દૂર કર્યો છે. ટ્રેકટરને ખેતીના ઉપયોગ માટે ગણવામાં આવતું ન હતું ત્યારે ભાજપની સરકારે આવીને ટ્રેકટરને બળદગાડાને જેમ ટ્રેકટરને ખેડૂતની જરૂરીયાતનું સાધન ગણવાનો નિર્ણય કર્યો હતો.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંક સાથે કેન્દ્ર સરકારે અનેકવિધ ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. રૂ. ૪૦ હજાર કરોડની પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં જોગવાઈ હોય કે પ્રધાનમંત્રી પાક વીમા યોજના હોય. સોઈલ હેલ્થ કાર્ડ સાથે ઈ-નામ કે પછી લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી હોય કે પછી યુરીયા ખાતરને નીમકોટેડ યુરીયા ખાતર કરીને ખેડૂતો માટે યુરીયાની ઉપલબ્ધતા સરળ બનાવી છે. ખેડૂત સન્માન નિધી અંતર્ગત ખેડૂતના ખાતામાં સીધાં પૈસા જમા કરવામાં આવે છે.

નર્મદાનું પાણી, ખેડૂત વીમો,કિસાન સન્માનનિધિ ,ખેડૂત, ખેતમજૂરને પેન્શન, નીમ કોટેડ ખાતર , ટેકાનાં ભાવે ખરીદી સહિત અનેક ખેડૂતહિતનાં નિર્ણયો આઝાદી બાદ પહેલીવાર શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારે અને જે તે સમયે ભાજપની રાજય સરકારોએ લીધાં છે.

છેલ્લા ઘણાં વર્ષોથી અનેક કુદરતી આપત્તિમાં પણ અનેક યોજનાઓ સહિત કૃષિ મહોત્સવ કાર્યક્રમને કારણે કૃષિ ઉત્પાદનમાં દેશભરમાં કેટલાંક ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. સિંચાઈ માટેની નર્મદા યોજના, સૌની યોજના, સુજલામ-સુફલામ જેવી અનેક યોજનાઓ દ્વારા ખેડૂતોને સુખી કરવાનાં પ્રયાસો થયા છે. સરકાર ખાતર, બિયારણ , દવા અને ટ્રેકટર માટે સબસીડી આપે છે. અને ૦% વ્યાજે લોન આપે છે. આ બન્ને સરકારોએ ખેડૂતના હિતમાં વધુને વધુ નિર્ણયો સાથે અનેક યોજનાઓ અમલમાં મુકી છે. તેમશ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

